ગાંધીનગર સમાચાર

# સર્જનશીલ યુવાનોની નોખી શરૂઆત ગાંધીનગરમાં આજથી 'યારી ડે'નો આરંભ

## ગાંધીનગરના યુવાન કલાકારમિત્રોએ સાથે મળીને એક સુંદર ગુજરાતી 'યારી સોંગ' બનાવ્યું અને યુટ્યુબ-ફેસબૂક પર રિલીઝ કર્યું




(કુંતલ નિમાવત દ્વારા)

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેરના સર્જનશીલ યુવાનોએ એક નોખી શરૂઆત કરીને આજના મિત્રતાના દિવસથી નગરમાં 'યારી ડે'ની ઉજવણીનો આરંભ કર્યો છે.

'યારી ડે'ની પ્રથમ ઉજવણી નિમિત્તે આ યુવાનોએ ગુજરાતી 'યારી સોંગ' પણ તૈયાર કર્યું છે અને આજે યુટ્યુબ તથા ફેસબૂક પર તેને રિલીઝ કરવામાં આવ્યું છે.

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી આયોજિત એકાંકી નાટ્ય સ્પર્ધા-૨૦૧૪માં શ્રેષ્ઠ નાટક સહિત ચાર ઍવોર્ડ પ્રાપ્ત કરી ઈતિહાસનું સર્જન કરનારા સર્જનશીલ યુવાનોની આ ટીમે પુનઃ એકવાર ઈતિહાસનું સર્જન કરવાનો પ્રયત્ન કર્યો છે અને નગરમાં 'યારી ડે'ની ઉજવણીનો આરંભ કર્યો છે.

દુનિયા આજના દિવસને ફ્રેન્ડશીપ ડે તરીકે ઉજવે છે, તેને આપણે ભારતીયો 'યારી ડે' તરીકે કેમ ન ઉજવી શકીએ ? 'યારી' એ આપણો શબ્દ છે અને તેનો રણકો પોતીકો લાગે છે, એમ જણાવતાં 'યારી સોંગ'ના લેખક અને દિગ્દર્શક દિવ્યકાન્ત વર્માએ જણાવ્યું કે 'યારી ડે'ની ઉજવણી પહેલાં જ મને તો યારોની યારીનો પરચો મળી ગયો. એક વિડીયો સોંગ તૈયાર કરીને અમે યુટ્યુબ પર મૂક્યું છે, પણ એનો ખર્ચ એક પણ પૈસો આવ્યું નથી. આ યારોની યારી નથી તો બીજું શું છે !'

વાત પણ સાચી છે. પ્લગ-ઈન્સ ઍન્ટરટેઈનમેન્ટના બૅનર તળે આ ગીતનું સર્જન મિત્રોએ ભેગા મળીને કર્યું છે અને બધા મિત્રોએ પોતાના ભાગે આવતી કામગીરી વિનામૂલ્યે નિભાવી આપી છે ને એ કારણે ગીત ઝીરો બજેટમાં તૈયાર થયું છે. આ બધા જ મિત્રો યુવા વયના છે એ બાબત પણ અહીં ઉલ્લેખનીય છે. અને ગુજરાતીઓને ગમી જાય એવી વાત એ છે કે ગીત ગુજરાતી ભાષામાં તૈયાર કરવામાં આવ્યું છે, વિડીયોગ્રાફી પણ ગાંધીનગરમાં જ કરવામાં આવી છે.

આપણા પોતીકા લાગે એવા આ ગીત માટે સંગીત આપ્યું છે ઋષિકેશ મહેતાએ અને તેમના ગાંધીનગર ખાતેના જ રૅકોર્ડીંગ સ્ટુડિયો 'શાંતમ રૅકોર્ડ ઈન'માં તેનું રૅકોર્ડીંગ કરવામાં આવ્યું છે. ઋષિકેશ મહેતા, સાગર દેસાઈ, જિગર બારોટ અને અલ્પેશ જોષીએ આ ગીત માટે પોતાનો સ્વર આપ્યો છે. ફાલ્ગુન નંદા, પાર્થ વ્યાસ, નીતિન પરમાર, કરણ રાજવીર, પાર્થ બારોટ, પાર્થ વ્યાસ, જિગર બારોટ અને રાજશ્રી રૉયે તેમાં પોતાનો અભિનય આપ્યો છે. પાર્થ જોષીએ આ ગીત માટે આસી. ડિરેક્ટરની ભૂમિકા ભજવી છે તો દિવ્યકાન્ત વર્મા અને જૈમિન ધીમરે તેનું ઍડીટીંગ કર્યું છે. ડિરેક્ટર ઑફ ફોટોગ્રાફી તરીકે સેવા બજાવી છે રોનક સુતરિયાએ અને વિડીયોગ્રાફી માટે કૅમેરા વર્ક સંભાળ્યું છે નગરના જ યુવાનો મહિન ત્રિવેદી અને મેઘ મહેતાએ.

'યારી સોંગ'નું શૂટીંગ પણ ગાંધીનગર શહેર અને તેની આસપાસના સુંદર વિસ્તારોમાં થયું છે અને તે ખરે જ જોવાલાયક બન્યું છે, એમ જણાવતાં દિવ્યકાન્ત વર્મા ઉમેરે છે કે માત્ર 'યારી ડે' જ નહીં, અમે તો આ આખું અઠવાડિયું યારીની ઉજવણી કરવાના છીએ અને દર વર્ષે 'યારી ડે'ની ઉજવણી આમ નોખી રીતે જ કરવાના છીએ.

વિડીયો સોંગની સફળતા પછી યારી નામક ફિલ્મ બનાવવાનો વિચાર ખરો ? એવા સવાલના જવાબમાં તેઓ ઉમેરે છે કે હાલ તો સોંગ બનાવ્યું છે અને વાર્તા પણ તૈયાર છે. નજીકના ભવિષ્યમાં આ વિષયની ફિલ્મ બનાવવાનો વિચાર તો છે, પ્રયત્નો પણ કરીશું. પણ પરિણામ નીવડ્યે જ ખબર. ફિલ્મ એ ખર્ચાળ બાબત છે અને કોઈનો પ્રસ્તાવ મળે તો અમે એ દિશામાં વિચારીશું ખરા. જોકે, આવા દિલદાર મિત્રો હોય તો ફિલ્મ પણ બની જશે એવો આશાવાદ છે.

મિત્રતાની ઉજવણીના આ દિવસે મિત્રતાનો પરચો આપીને ઝીરો બજેટનું ગુજરાતી 'યારી સોંગ' રિલીઝ કરનાર આ યુવાન કલાકારમિત્રોને તમે અભિનંદન આપવા કે બિરદાવવા ઈચ્છતા હોવ તો યુટ્યુબ પર PIE Videos ચૅનલ ઉપર અને ફેસબૂક પર Plug-Ins Entertainmentના પેજ ઉપર આ ગીત ઉપલબ્ધ છે.

# 'ફ્રેન્ડશીપ ડે'ની ઉજવણી ગાંધીનગરાઓએ મોજથી કરી

ગાંધીનગર, તા. ૧

દેશ અને દુનિયાની માફક ગાંધીનગર શહેરમાં પણ ફ્રેન્ડશીપ ડેની ઉજવણી ઉત્સાહપૂર્ણ રીતે કરવામાં આવી હતી.

રવિવારની રજાનો દિવસ ભલે ગાંધીનગરાઓ માટે મોડો શરૂ થયો હોય, પણ શરૂ થયા પછી દિવસ જાણે મિત્રો માટે કે મિત્રતા માટે સમર્પિત થઈ ગયો હોય એવું વાતાવરણ સર્જાયું હતું. સવારે પરસ્પર મિત્રતાના ને શુભકામનાઓના મૅસેજ પછી આખરે રૂબરૂ મળવાનું નક્કી થયું હતું અને ઘણાં મિત્રો સમૂહમાં મળ્યા હતા. ઘણા મિત્રોએ તો સપરિવાર સમૂહમાં મળવાનું ગોઠવ્યું હતું.

આ કારણે શહેરનાં જાહેર સ્થાનોમાં - ખાસ કરીને ઘ-૪ ગાર્ડનમાં લોકોનાં મોટાં જૂથ જોવા મળ્યા હતા, જે સાથે મળીને રમતો રમતા કે નાસ્તો અથવા ભોજન લેતા જોવા મળ્યા હતા.

સઘળા મિત્રો માટે પોતાના તરફથી ભોજન કે મનોરંજનનું આયોજન ઘણા ઉત્સાહી મિત્રોએ કર્યું હતું. મિત્રોના કેટલાક જૂથે હૉટલમાં સાથે જમવાનો કાર્યક્રમ ગોઠવ્યો હતો તો કેટલાંકે સમૂહમાં ટિકિટ્સ બૂક કરાવીને થિયેટરમાં જવાનો કાર્યક્રમ પણ ગોઠવ્યો હતો. આ કારણે થિયેટર્સમાં બપોરથી પ્રેક્ષકોની ભીડ જોવા મળી હતી અને રાત્રીના શો તો સાંજ સુધીમાં જ બૂક થઈ ગયા હતા.

# મહિલા સુરક્ષા દિવસની ઉજવણી કરવામાં આવી



ગાંધીનગર, તા.૧

સે-૧૫ એલ.ડી.આર.પી. ખાતે મહિલા સુરક્ષા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. ગુજરાત સરકાર દ્વારા જાહેર કરાયેલ ૧ થી ૧૪ ઓગષ્ટ ૨૦૧૫ આખું પખવાડિયું મહિલા સશકિતકરણને ભાગરૂપે યોજાશે.

જેમાં આજ રોજ શનિવારે એલ.ડી.આર.પી. ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી એન્ડ રીસર્ચના વુમન ડેવલપમેન્ટ સેલે આ કાર્યક્રમનું આયોજન કર્યું હતું. કાર્યક્રમમાં '૧૮૧ અભયમ્' ના મહિલા કાઉન્સીલરે વિદ્યાર્થીઓને અલગ અલગ માહિતી આપી માહિતગાર કર્યા હતા. કાર્યક્રમમાં કડી યુનિ.ની જુદી જુદી કોલેજોમાંથી ૪૫૦થી વધુ વિદ્યાર્થીઓ અને મહિલા અધ્યાપકો ભાગ લીધો હતો. તેમજ મહિલા પોલીસ ઈન્સ્પેકટર મનિષા પુવારે ૧૮૧ના કન્વેયર સાથે મહિલા સુરક્ષા વિશેની ચર્ચા વિચારણા કરી હતી.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે એલ.ડી.આર.પી.ના આચાર્ય પ્રો. ડૉ. ગાર્ગી રાજપારાના માર્ગદર્શન હેઠળ ડબલ્યુડીસીના કો. ઓર્ડીનેટર તેમજ વિદ્યાર્થીઓ અને એનસીસી, એનએસએસના વિદ્યાર્થીઓએ પણ મહત્વનો ફાળો આપ્યો હતો.

# અમે અઢીસો પુસ્તકો આપી દઈએ છીએ અને અઢીસો પરત પણ આવી જાય છે

## નગરમાં દર માસના પ્રથમ રવિવારે યોજાતી 'પુસ્તક પરબ' અગણિત વાચનરસિક લોકોની વાચનતૃષાને તૃપ્ત કરે છે



ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેરમાં પુસ્તક પરબ ચાલે છે એ ઘણાને ખબર છે પરંતુ ઘણા ઓછાને એ ખબર છે કે આપ પુસ્તક પરબમાં દર મહિને અઢીસો જેટલાં પુસ્તકો વિનામૂલ્યે વાંચવા માટે વાચનરસિકોને આપવામાં આવે છે. અલબત્ત, તેમ છતાં આ પુસ્તક પરબમાં પુસ્તકો ઓછાં થતાં નથી, વધ્યા જ કરે છે.

નગરમાં પુસ્તક પરબની પ્રવૃત્તિમાં સક્રિય એવા કિશોર જીકાદરાએ ગાંધીનગર સમાચારને માહિતી આપતાં જણાવ્યું કે, 'અમે પુસ્તક પરબ માંડીએ ત્યારે બે કલાકમાં અઢીસો પુસ્તકો નિઃશુલ્ક આપી દઈએ છીએ, પરંતુ એટલાં જ નવાં પુસ્તકો અમને પરત મળી પણ જાય છે.'

શહેરમાં ઘ-૪ સર્કલ ઉપર દર માસના પહેલા રવિવારે સવારે ૭.૩૦થી ૯.૩૦ દરમ્યાન આ પુસ્તક પરબ યોજાય છે. રાજેન્દ્ર પટેલ દ્વારા માતૃભાષા અભિયાન હેઠળ સમગ્ર રાજ્યમાં આ પુસ્તક પરબ ચલાવવામાં આવે છે, જેમની પ્રેરણા-સહકારથી ગાંધીનગરમાં આત્મન ફાઉન્ડેશનના બૅનર તળે પ્રજ્ઞાબેન પટેલે માતૃભાષા ગૌરવ કાજે આ પરબની શરૂઆત કરી છે. દોઢ વર્ષથી વધુ સમય વીતી ગયો છે અને હવે તો પરબમાં નિયમિત વાચકો પણ આવવા માંડ્યા છે. દરેક વ્યક્તિને બે પુસ્તકો વિનામૂલ્યે વાંચવા માટે આપવામાં આવે છે અને તે પણ પરત આપવાની શરત કર્યા વગર. વ્યક્તિએ પુસ્તકો પોતાના ઘરે રાખવા હોય તો પણ ભલે અને બીજાને આપી દેવા હોય તો પણ ભલે, કોઈ જ શરત નહીં. સાહિત્ય અને સેવારસિક એવા પ્રજ્ઞાબેન પટેલ અને કિશોર જીકાદરા ઉપરાંત સંજય થોરાત, આશાબેન સરવૈયા, નિશાન્ત ગર્ગ, ધૂર્જટી પ્રજાપતિ, દક્ષા ભાવસાર અને અશોક ત્રિવેદી આ પુસ્તક પરબ માટે પોતાની સેવાઓ આપે છે.

સવાસો જેટલા વાચનરસિકો નિયમિત આ પુસ્તક પરબની મુલાકાત લે છે, વિનામૂલ્યે પુસ્તકો મેળવે છે અને અનેક લોકો આ અનોખી પરબ માટે વિનામૂલ્યે પુસ્તકો આપી પણ જાય છે.

સૌથી મોટી ફળશ્રુતિ આ પુસ્તક પરબની એ છે કે તેના માધ્યમથી ઘણાં અલભ્ય અને અપ્રાપ્ય પુસ્તકો તથા સામયિકો પણ વાંચવા મળી જાય છે. સંસ્કૃત, હિન્દિ, ગુજરાતી ઉપરાંત અંગ્રેજીના પણ ઘણાં પુસ્તકો અહીં દાનમાં મળે છે અને વાંચવા માટે આપી દેવાય છે, જે ન માત્ર વાચનભૂખ સંતોષવા પરંતુ સંશોધન માટે પણ ઉપયોગી બની રહે તેવાં હોય છે.

આજે પણ પુસ્તક પરબ ગાંધીનગરમાં યોજાઈ હતી અને અઢીસો જેટલાં પુસ્તકો વાચનરસિકો વાંચવા માટે લઈ ગયા હતા. અલબત્ત, પુસ્તક પરબના ક્રમ મુજબ એટલાં જ નવાં પુસ્તકો પરત પણ આવી ગયાં હતાં.

ગાંધીનગરમાં વર્ષ ૧૯૯૮થી જી ઈ ક્લબના બૅનર તળે પ્રથમ પુસ્તક પરબની શરૂઆત કરવામાં આવી ત્યારે પણ આવો જ પ્રતિભાવ મળ્યો હતો. માત્ર ૩૦૦ પુસ્તકોથી શરૂ થયેલી આ પુસ્તક પરબ પાસે ૨૦૦૩માં ૩ હજારથી વધુ પુસ્તકો હતાં, જે અંતે જુનિયર સિટીઝન્સ કાઉન્સીલને અંતિમ ધામમાં લાયબ્રેરી શરૂ કરવા દાનમાં આપી દેવાયાં હતાં.

**- કુંતલ નિમાવત**

# સીધી લીટીનું સાદું-સીધું ગણિત

દિનચર્યામાં આપણી તમામ પ્રવૃત્તિઓમાં મુખ્યત્વે આહારની શોધમાં વિહાર કરીએ છીએ. આ વિહારમાં લોકોનો સંપર્ક થાય છે અને વર્તમાન વિજ્ઞાન (બિહેવીયર સાયન્સ) લાગુ પડે છે. દિવસ દરમ્યાન આપણે આ ત્રણે પ્રક્રિયાઓમાં સીધી લીટીનું સાદું-સીધું ગણિત વાપરવા જેવું ખરું. અજમાવી જુઓ. આપણને સદા આનંદ જ મળશે. કોઈ અપરાધ કે ભૂલ થવાનો સંભવ છે અને થાય પણ છે, છતાં તલવારનો ઘા સોયની અણી જેટલો લાગશે. આપણી આ ગણતરીમાં લોકો સાથ સહકાર આપશે. કાંઈ નહિ ! આવી ભૂલો તો બધાથી થાય છે. માનવ સહજ સ્વભાવ છે. તમારે ચિંતા કરવાની જરૂર નથી.

નોકરી અંગે તમે ખૂબ જ નિયમિત છો, તમારો રેકોર્ડ સારો છે. નિયમ પ્રમાણે ૧૦.૩૦ કલાકે તમારા અંગૂઠાની છાપ કે કાર્ડ ઘસવાનું હોય છે, પણ આજે તમે ૧૧.૦૦ વાગ્યા પછી આવ્યા છો, કંઈક અજૂગતું કારણ જરૂર હોવું જોઈએ. તમારે બેબાકળા થવાની કે ગભરામણ અનુભવવાની જરૂર નથી. ફેક્ટરીમાં પણ આજે એક કારીગર આવી શક્યો નથી. તો તમે ભલે મોડા હશો, તો પણ આવી જાઓ. આજની તમારી મોડી હાજરી પણ આખા દિવસ પ્રમાણે ગણીશું. હું ક્લાર્કને વાત કરી દઉં છું. આમેય તમારી ઉંમર થવા આવી છે, આજનો દિવસ તમે ભરશો નહિ અને પગારમાંથી પૈસા કપાશે તો તમારું મહિનાનું આયોજન ખોરવાઈ જશે. ફૅક્ટરીના માલિકનું સીધી લીટીનું આ વર્તન મારા હૃદયમાંથી આરપાર નીકળી ગયું. હું સ્વસ્થ થઈ નોકરી પર ચઢી ગયો. મનથી મેં શેઠને આશીર્વાદ આપ્યા. તમારી ફૅક્ટરીનો વિકાસ થશે, સુખી થાઓ. મારો એકનો એક લાડકવાયો ભણી-ગણીનો હોંશિયાર થઈ ઉચ્ચ અધિકારી બને કે ડૉક્ટર, ઍન્જિનીયર કે સીએ થાય, દરેક માતાની આ લાગણી હોય છે. લાડકવાયો આ સિદ્ધિ મેળવવામાં જાદુ કરવાનો નથી કે રાતોરાત તમારા મનની કલ્પના પ્રમાણે સિદ્ધયોગી નહિ બને. માતાએ તથા પરિવારના અને શાળા-મહાશાળાના સૌએ સહિયારો પ્રયાસ કરવાનો છે. તેના ઉછેરમાં સ્વાસ્થ્ય અને શિક્ષણના સંદર્ભમાં તેની સાથેના વર્તનમાં સીધી લીટીથી, સાદું-સીધું ગણિત માંડી વ્યવહાર કરવો પડશે. ઘરે કેમ મોડો આવ્યો ? શું વગાડી બેઠો ? કપડાં કેમ ગંદા કરી લાવ્યો ? ટિફિનમાં-લંચબૉક્સમાં સરસ મજાનું ભીંડાનું શાક કેમ પડી રહ્યું છે ? શાળામાંથી તમારા માટે આ નોટિસ (ફરિયાદ) કેમ આવી ? અરે ! આવા તો ઘણા પ્રશ્નો આપણને સતાવે છે.

**આપણને આપણા મનના હઠાગ્રહો, પૂર્વગ્રહો કે દુરાગ્રહો જ નડે છે, આપણા મનની વક્રગતિ જ સમસ્યાઓ સર્જે છે; ઉપનિષદમાં સ્પષ્ટ નીચોડ મળે છે : આત્મા રથી, શરીર રથ, બુદ્ધિ સારથી, મન લગામ, આપણા ઋષિમુનિઓએ તપ કરીને આ સલાહ આપી છે**

બાળક નિર્દોષ હોય છે. તે તો ભગવાનના ત્યાંથી પ્રકૃતિના નિયમ પ્રમાણે સીધી લીટીનું સીધું-સાદું ગણિત માંડવા જ આવ્યો છે. સ્કૂલ બસ મોડી છે તેનો વિચાર કર્યો ? ભીંડાના શાકમાં મીઠું નાખવાનું ભૂલી ગયા કે મીઠું વધારે પડી ગયું છે તે તપાસ્યું ? આજે શાળામાં રમતગમતનો પિરીયડ હતો અને તેમાં તમારા દીકરાએ કબ્બડીની રમતમાં ભાગ લીધો છે, તેની તમને ક્યાં ખબર છે ? અરે, તમે છોકરાની ફીનો ચૅક તેના દફ્તરમાં મોકલ્યો છે, છતાં દંડ સાથે ફી ભરવાની આ નોટિસ છે. નોટિસ બરાબર વાંચી છે ? ફરિયાદ બાળક માટે નથી, તમારા માટે છે. આવું તો ઘણું વક્રગતિનું આપણે ગણિત માંડીએ છીએ. પછી રોદણાં રડીએ છીએ કે ભગવાન મારા માટે જ કેમ આવું ? કદિ સીધું-સાદું ગણિત માંડ્યું છે ? વાસ્તવિકતાથી જીવો અને જીવવા દો. સામેવાળાની જગ્યાએ આપણી જાતને મૂકી જુઓ અને પછી નિર્ણય લો. વિવેકબુદ્ધિની લગામથી મનને પકડી રાખો. બધે જ આપણા મનનું ધાર્યું જ થાય, તેવો હઠાગ્રહ, દુરાગ્રહ કે પૂર્વગ્રહ છોડો. સામેવાળાનો વિચાર કરો. આપણી જન્મકુંડળી, જન્માક્ષરમાં બિચારા નવગ્રહો તો નડતા નથી. તે તો તેમને સ્થાને જ છે. આપણને અથડાતા જ નથી. આપણને આપણા મનના હઠાગ્રહો, પૂર્વગ્રહો કે દુરાગ્રહો જ નડે છે. આપણા મનની વક્રગતિ જ સમસ્યાઓ સર્જે છે. ઉપનિષદમાં સ્પષ્ટ નીચોડ મળે છે. આત્મા રથી, શરીર રથ, બુદ્ધિ સારથી, મન લગામ. આપણા ઋષિમુનિઓએ તપ કરીને આ સલાહ આપી છે. આપની ગાડી પાટા પરથી ન ઉતારે તેનું ધ્યાન રાખવાનું છે. અરે, આ ફિલસૂફી પચાવવી ભારે પડશે. મજા નહિ પડે, ચાલો બીજું વિચારીએ.

આપણે ઘણીવાર શુકન-અપશુકનના ચક્કરમાં પડી જઈએ છીએ અને સીધું-સાદું ગણિત માંડવાને બદલે આ શુકન-અપશુકનની વક્રગતિ આપણી બુદ્ધિની લગામ ઢીલી મૂકી દે છે, તેથી જિંદગીની સફરમાં અડચણ, દુઃખ, હતાશા, ચિંતા, ભય, ક્રોધ, દુશ્મનાવટ, અહંકાર, સ્વાર્થપણું, હું જ સાચો બાકી બધા ખોટા અને આમ જ થાય એવો એવિવેકી અને ગંભીર પરિણામ તરફ દોરનારો નિર્ણય... વગેરે અનેક વાંકીચૂંકી ગતિવાળા વિચારતરંગો આપણા પર હાવી થાય છે, અવ્યવસ્થા સર્જાય છે. લોકો સાથેના નિષ્પક્ષ, નિર્દોષ અને પારદર્શક, તંદુરસ્ત વ્યવહારોમાં બાધા આવે છે.

સારું કામ કરવું છે, શુભ મુહૂર્ત છે, ચાલો હવે પ્રસ્થાન કરીએ. સામેથી તુરત જ બિલાડી આડી આવે છે, ચાંલ્લો કર્યા વિનાનો બ્રાહ્મણ મળે છે, વિધવા સ્ત્રી મળે છે, આપણને વહેમ અને અંધશ્રદ્ધાની વક્રગતિવાળા વિચારતરંગો ઘેરી વળે છે. આજે મારું ધાર્યું કામ થશે નહિ, પરીક્ષામાં બરાબર લખાશે નહિ, બસ ચૂકી જઈશ, ઍક્સિડેન્ટ થશે, મિટીંગ રદ થશે, બૉસ ખખડાવી નાંખશે, મારું પેપરરિડીંગ બરાબર થશે નહિ, શિષ્યો મારા વિશે ખોટી ધારણાઓ બાંધશે... વગેરે અનેક વક્રવિચારો, તરંગો નિરાશાનું વાદળ લાવી દેશે. ક્ષણભર હતાશા ને યુદ્ધ હારી જઈશું તેવી હીન લાગણી જન્મે છે.

શાંત ચિત્તે સીધી લીટીનું સાદું-સીધું ગણિત માંડ્યું નહિ. બિલાડી તેના ખોવાયેલા બચ્ચાને શોધવા નીકળી છે કે પછી ભૂખ લાગી છે કે આહાર માટે તીવ્ર ગંધથી ઉંદરની ભાળ મળી છે તેથી આપણી સામે બેબાકળી થઈને દોડી છે, તે આપણને નડી નથી, પણ આપણે તેને નડ્યા છીએ. બિચારીના બચ્ચાનું શું ? આપણે બિલાડીને નડીએ છીએ. તેને ભય છે કે ન કરે નારાયણ ને ગાડીનું પૈડું તેના પર ફરી વળે... આવું ગણિત કદિ આપણે માંડ્યું છે ? પેલી વિધવા બહેન આપણી મા કે બહેન હોય તો શું ? જો આપણી સાથે મુસાફરીમાં આવવા આપણી વિધવા બહેન કે મા સામે આવતી હશે તો શું તે અપશુકન છે ? અરે, બ્રાહ્મણ ઉતાવળે ચાંલ્લો કરવાનું ભૂલી ગયો છે અને કોઈકનું મુહૂર્ત સાચવવા ઝડપથી સામે આવી રહ્યો છે. તે કદિ વિચાર્યું ? આજે બ્રાહ્મણ આપણે ત્યાં પૂજામાં આવવાનો હોય, તમે તેની ચાતક-કાગડોળે મુહૂર્ત સાચવવા રાહ જોતા હોવ અને સામે દેખાય તો શું ? તમે અપશુકન માનશો ? ચરણ સ્પર્શ કરીને દંડવત્ પ્રણામ કરશો. પરિવાર સાથે કંકુ-ચોખા-ફૂલના હારથી સ્વાગત કરશો. આવી મનોદશા આપણા દુઃખનું કારણ છે.

સામેથી મદમસ્ત હાથી કે અણીદાર શીંગડાવાળી ગાયનો ભેટો થાય તો શુકન ગણાય. અરે, તમને ક્યાં ખબર છે કે હાથી તમારી ગાડીને ઊથલાવી દેશે, મહાવત એક ઈશારે હાથીને પાછળ દોડાવશે, જો તમે તેને ભેટ-સોગાદ નહીં આપો. શુકન નહિ, અપશુકન અહીંથી શરૂ થશે. અણીદાર શીંગાડવાળી ગાય તમારી રોટલી કે ઘાસની રાહ જોતી ઊભી છે, તમને શુકન આપવાનું તેની કલ્પનામાં જ નથી. આ તો આપણા મનમાં ભરાયેલું વક્રગતિનું અવળું શુકન-અપશુકનના ગણિતનું ભૂસું છે. સારું થાય તે મેં કર્યું અને ખોટું થયું તે તમારાથી. આ આપણી વક્રગતિવાળી મનોદશા આપણને હેરાન કરે છે. સુખેથી જીવવા દેતી નથી. માટે જ સીધી લીટીનું સાદું-સીધું ગણિત જીવનમાં ઉતારીએ.

**- વિશ્વ સંવાદ લેખ સેવા**

# જ્ઞાતિ આધારિત અનામત ક્યાં સુધી ?

**લાગ્યું એવું લખ્યું**

ભગવાનભાઈ કા. ગોહેલ

અનામત એ બંધારણીય રીતે અપાયે હક્ક છે ને દસ વર્ષ માટે જ આપેલ હતો. ત્યાં સુધી તે બરાબર હતું. આ અનામત પ્રથા રાજકારણીઓ માટે સત્તાની ખુરશી સુધી પહોંચવાની સીડીનું કામ કરવા લાગતાં તેને સતત લંબાવવામાં આવી રહેલ છે. અનામત માટે સંપૂર્ણ રાજકારણ ખેલાવા લાગતાં અમુક જ્ઞાતિઓને વણમાગ્યા લાભો આપવામાં આવતાં બીજો રાજકીય પક્ષ બીજી જ્ઞાતિને તેનાથી પણ વધારે લાભો આપીને પોતાની મત બૅન્ક પાકી કરવા લાગ્યો. જેનું તાજું ઉદાહરણ જૈનોને લઘુમતિનો દરજ્જો અપાયો તે છે. સારૂં છે કે ખેલકૂદમાં અનામત નથી. નહીં તો ત્રીજા નંબરનો ઉમેદવાર અનામતવાળો હોત તો તેને પહેલો નંબર આપવામાં આવત ! જેમ-જેમ સમય પસાર થાય છે તેમ-તેમ દરેક પ્રજા-સમાજ વિકાસ કરે છે, પ્રગતિ કરે છે. આપણે અઢારમી સદીમાંથી એકવીસમી સદીમાં પ્રવેશી ગયા છીએ ત્યારે એવો કયો સમાજ હોય કે જેનો વિકાસ ન થયો હોય ! આજકાલ કરતાં આઝાદી મળ્યાને ૬૮ વર્ષ થયા હોવા છતાં અનામતની પ્રથા ક્રમશઃ નાબૂદ થવાના બદલે તેમાં નવી-નવી જ્ઞાતિઓનો ઉમેરો થતો રહ્યો છે, તેની પાછળ આજનું જ્ઞાતિ આધારિત રાજકારણ જવાબદાર છે. આ કારણે કોમ-કોમ વચ્ચે બે સમાજ વચ્ચે વૈમનસ્ય પેદા થઈ રહ્યું છે. જતે દિવસે તે વર્ગવિગ્રહના રૂપમાં સામે આવે તો નવાઈ નહીં.

આજે અભ્યાસથી લઈને નોકરી સહિત ઘણાં ક્ષેત્રોમાં અનામત પ્રથા છે. એક જ ઑફિસમાં કામ કરનાર એકસરખી લાયકાત ધરાવતા હોવા છતાં વધુ સમયની નોકરીવાળાને પ્રથમ બઢતી મળવી જોઈએ તેને બદલે અનામતના કારણે ઓછા સમયની નોકરીવાળાને બઢતી મળવાથી તે ઉપરી બની જાય છે. આ બાબત છેવટે વિગ્રહનું કે વૈમનસ્યનું કારણ બને છે.

એ જ રીતે અભ્યાસમાં પણ ઓછા ટકાવાળા વિદ્યાર્થીઓ આગળ નીકળી જાય છે. આ બાબતે ઊંડા ઊતરીને વિચારીએ તો ખ્યાલ આવે છે કે આ પ્રથાથી લાયકાતનાં ધોરણો સાથે ભયંકર રીતે અન્યાય થઈ રહ્યો છે. કોઈ સવર્ણ હોવાથી તેને અન્યાય સહન કરવો પડે એ ક્યાંનો ન્યાય ? હા, કોઈ પછાત હોય, દલિત હોય તો તેઓને આગળ લાવવા માટે બધા જ પ્રકારના લાભો આપો, તેમને ભણવામાં અગ્રતા આપીને, આર્થિક રીતે શિષ્યવૃત્તિ અને રહેવા-જમવાના લાભો આપીને આગળ લાવવા માટે પ્રયત્નો કરી શકાય. પણ લાયકાત સાથે બાંધછોડ તો ન જ હોવી જોઈએ. લાયકાત તો દરેકની અંગત બાબત છે, તેની ઉપર તરાપ મારી શકાય નહીં, મારવી જોઈએ નહીં.

આવી અન્યાયપૂર્ણ પ્રથાના કારણે જ આજે સુશિક્ષિત, સવર્ણ ગણાતી જ્ઞાતિઓવાળા પણ પોતાને અનામતનો લાભ મળે તે માટે આંદોલન કરવા લાગ્યા છે. આજકાલ ઉજળિયાત વર્ગ ગણાતો પાટીદાર સમાજ અનામત માટે રાજકીય દબાણ ઊભું કરવાની કોશિષ કરી રહ્યો છે. આજની આ પરિસ્થિતિ માટે આપણા રાજકારણીઓ જવાબદાર છે.

આપણું રાજકારણ એકબાજુ જ્ઞાતિવિહિન સમાજરચનાની વાતો કરે છે, બિનસાંપ્રદાયિકતાનાં ઢોલ પીટે છે અને સાથે-સાથે જ્ઞાતિ અને સમાજના વાડા ઊભા કરીને પોતાના રાજકીય ઈરાદા પાર પાડે છે. આ કારણે જ બિહારમાં આવી રહેલી ચૂંટણી માટે રાજકીય પક્ષો જ્ઞાતિ-જાતિ આધારિત વસતી ગણતરીના આંકડા પ્રસિધ્ધ કરવા માટે રાજકીય આંદોલન કરી રહ્યા છે. તેથી તેઓ દલિતો-પછાતોના મસીહા બનીને અનામતના અને અન્ય વધુ આપી શકે. દલિતમાં પાછું મહાદલિતની રાજકીય રમત એ પણ બિહારની જ ઉપજ છે. ખરેખર વિકાસ થતો હોય તો પછાત જ્ઞાતિઓની યાદી ઓછી થવી જોઈએ. તેના બદલે ચૂંટણીઓ આવતાં આવતાં તેમાં વધારો થતો જાય છે. ત્યારે સવાલ એ થાય છે કે ખરેખર આપણે આગળ જઈ રહ્યા છીએ કે પાછળ ? આ સવાલનો જવાબ દરેક પાસે હોવા છતાં આપણે અનામત આંદોલન કરીએ છીએ. સાચો ઉપાય તો એ જ છે કે આ જ્ઞાતિ આધારિત અનામત પ્રથાને ક્રમશઃ નાબૂદ કરવી એ જ પાયાનો ઉપાય છે. જાતિ-જ્ઞાતિ સિદ્ધાંતો અનુસાર કોઈ જ્ઞાતિ આધારિત લાભો ન હોઈ શકે. માત્ર ગરીબ અને શ્રીમંત બે જ વર્ગ હોઈ શકે. હવે શ્રીમંત હોવા માટે કોઈ ખાસ ધોરણ રહ્યું નથી. ગરીબ એ ગરીબ જ છે તે કોઈપણ જ્ઞાતિનો હોઈ શકે. તેને બધી જ રીતે આગળ લાવવાના પૂરતા પ્રયત્નો કરવામાં આવે તે રાષ્ટ્રીય ભાવનાને અનુરૂપ છે. બાકી તો આજકાલ અનામતના અને અન્ય આર્થિક લાભો ખરેખર જેને જરૂર છે તેના કરતાં બીજા વધુ લઈ રહ્યા છે. આપણે રાષ્ટ્રને એકજૂટ કરવાને બદલે જ્ઞાતિઓના નામે, લઘુમતિઓના નામે વાડાઓ ઊભા કરીને રાષ્ટ્રને વિભાજિત કરવાનું, ખોખલું કરવાનું જ કામ જાણ્યે-અજાણ્યે કરી રહ્યા છીએ. જે રીતે આતંકવાદ પોષનારને જ ભરખી જાય છે એ જ રીતે અનામત પણ પોષનારને જ ભરખી જાય એ પહેલાં તેના ઉપર કાબૂ મેળવી લેવાના સાચા ઉપાયો વિચારવાનો સમય ક્યારનોય પાકી ગયો છે. ચાલો, વિચારીએ.

**આ વિભાગમાં પ્રકાશિત થતા લેખો સાથે અખબાર સંમત છે તેમ માની લેવું નહીં**